# કચ્છમાં નકલી ઈડીની ટીમ ઝડપાઈઃ વેપારીઓ પાસેથી તોડ કરનારા આઠ શખ્સોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલી જજ, કોર્ટ, પોલીસ, પીએમઓ, સીએમઓ અધિકારી સહિતની ભરમાર વચ્ચે કચ્છમાંથી નકલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અધિકારીઓની ટીમ ઝડપાઈ હતી. આ નકલી ઈડીની ટીમ મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી તોડ કરતા હોવાની જાણકારી મળી હતી. જેમાં પૂર્વ કચ્છ એલસીબી અને એ ડિવિઝન પોલીસ દ્વારા નકલી ઈડીની ગેંગના આઠથી વધુ શખસોને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કચ્છના ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ઈડીના નકલી અધિકારીઓ વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવતા હતા. આ ઘટના અંગે પૂર્વ કચ્છ પોલીસને જાણ થઈ હતી. જેમાં એલસીબીએ અમદાવાદ, ભુજ અને ગાંધીધામ સહિતના આઠથી વધુ શખસોને ઝડપી પાડ્યા હતા. જ્યારે રાજ્યમાં ઈડીના નકલી અધિકારીઓની ગેંગ ઝડપાતાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'મને તો આજ અસલી લાગે છે, કમસે કમ આ લોકોએ તો ગુજરાતમાં દરોડા પાડવાની હિંમત કરી.'

આ મામલે અંજાર વિસ્તારના નાયબ પોલીસવડા મુકેશ ચૌધરીએ આ ઘટનાને સમર્થન આપ્યું હતું અને એલસીબી તથા ગાંધીધામ એ ડિવિઝન પીઆઇ દ્વારા આ મામલે દરોડો પાડવામાં આવ્યો હોવાનું કહ્યું હતું. જોકે સચોટ માહિતી માટે તેમણે કાર્યવાહી કરનારા અધિકારીઓનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. ■



**આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ પોલીસ કમિશનરને આવેદન આપ્યુંઃ** રાજકોટમાં વધેલા ક્રાઈમ પર લગામ લાવવા તેમજ સામાન્ય બોલાચાલીમાં હિસ્ટ્રીશીટર દ્વારા કરવામાં આવેલ સ્વ. હાર્મીસ ગજેરાની હત્યા મામલે મજબૂત ચાર્જશીટ ફાઈલ કરવાની માગ સાથે કુર્મી સમાજે પોલીસ કમિશનરને આવેદન સાથે રજૂઆત કરી હતી. દારૂબંધીનો કડક અમલ કરવામાં આવે તથા ગુનેગારો પર પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવે તેવી આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ માગ કરી હતી. (તસવીર, પ્રવીણ સેદાણી– રાજકોટ)

# કંડલા પાસે ટેન્કરોમાંથી થતી પેટ્રોલિયમ પદાર્થોની ચોરીનો પર્દાફાશઃ ૫૩.૮૨ લાખના તેલ સાથે બે શખસ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરો પરથી આવતી વિવિધ ચીજ વસ્તુનીઓના થતાં વહન દરમિયાન માલની ચોરી કરવાની પ્રવૃત્તિ હવે સંગઠિત ગુનાખોરીમાં તબદીલ થઈ ગઈ છે. કંડલા, ગાંધીધામનાં ગોદામો અને રસ્તામાં અધવચ્ચે ચાલું વાહનને કે ડ્રાઈવરને ફોડીને હાઈવે હોટેલ અથવા ચોર વાડામાં વાહનને લઈ જઈ તેમાંથી ચીજ વસ્તુઓની ચોરી કરી લેવાની આ વ્યાપક બનેલી બદી વચ્ચે પૂર્વ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ જૂના કંડલા પાસેના માર્ગ પરથી હેરફેર થઈ રહેલા ક્રૂડ પામ ઓઈલની ચોરીનો પર્દાફાશ કર્યો હતો.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય– ભુજ)

આ કાર્યવાહી અંગે એલસીબીના પી.આઈ એન.એન.ચુડાસમાએ જણાવ્યું હતું કે, પૂર્વ બાતમીના આધારે જૂના કંડલામાં આઈઓસી પાસે દરોડો પાડીને ટેન્કરમાંથી ક્રૂડ પામ ઓઈલને ચોરીથી કાઢી લઈને અન્ય ટેન્કરમાં ભરવામાં આવતાં આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. અટકમાં લઈને મરીન પોલીસને સોંપવામાં આવેલા શાકીર એહમદ અન્સારી નામનો ટેન્કર ડ્રાઈવર રસ્તા પર ઊભો રહી તેલ ભરેલાં અન્ય ટેન્કર ડ્રાઈવરોને અટકાવી બે બાલ્ટી સીપીઓ ચોરીથી કાઢી લેવા બદલ એક હજાર રૂપિયા આપતો હતો.

પોલીસે શાકીરના ટેન્કરમાંથી ૯૯૦ કિલોગ્રામ સીપીઓ જપ્ત કરી જે ટેન્કરમાંથી માલ કઢાતો હતો તે ટેન્કરના ડ્રાઈવર અનિલકુમાર સરોજ વિરુદ્ધ પણ ગુનો નોંધી, ૫૩.૮૨ લાખથી વધુના મૂલ્યના પામ તેલના જથ્થા સાથે બે ટેન્કરોને જપ્ત કરી લેવામાં આવ્યાં હતાં.

શાકીર ઝારખંડનો અને અનિલકુમાર ઉત્તર પ્રદેશનો વતની છે. બંને ગાંધીધામમાં ભાડેથી રહી વાહન ચલાવવાનું કામ કરતા હોવાનું અને શાકીર પહેલાંથી જ એક કંપનીમાંથી સત્તાવાર રીતે સીપીઓ ભરીને નીકળેલો પરંતુ વધુ માલ ભરવાના હેતુથી તે ડ્રાઈવરોને ફોડી તેલ ચોરતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હોવાનું ચુડાસમાએ ઉમેર્યું હતું. ■



**રાજકોટમાં ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામનું ડિમોલિશનઃ** રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાયેલાં દબાણો રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચના અનુસાર રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા કોઠારિયા રોડ ઉપરની અને પૂર્વ મામલતદાર દ્વારા રેલનગર, સરવૈયા ચોકમાંથી લાખો રૂપિયાની સરકારી જમીનો ઉપરથી દબાણો હટાવાયાં હતાં. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રૈયાધાર વિસ્તારની અતિ કિંમતી રૂ. ૪૫ કરોડની કિંમતની ૫૦૦૦ ચો.મી. સરકારી જમીન ઉપર ખડકાય ગયેલા કોમર્શિયલ દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાયાં હતાં. (તસવીરઃ પ્રવીણ સેદાણી– રાજકોટ)

# કચ્છના ત્રણ સહિત રાજ્યના ૧૫ શહેરમાં વાયુ પ્રદૂષણ વકર્યુંઃ હવામાં 'સલ્ફર-ડાયોક્સાઈટ' ઠલવાઈ રહ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શ્વસન ક્રિયા દરમ્યાન આપણે જે ઉચ્છ્વાસમાં હવા ફેફસામાં ઠાલવીએ છીએ ત્યારે શરીરને અકલ્પનિય નુકશાન થઇ રહ્યું છે. કચ્છના ત્રણ સહિત ગુજરાતના ૧૫ જેટલા શહેરમાં પણ હવામાં સલ્ફર ડાયોક્સાઈટનું પ્રમાણ જીવલેણ સ્તરે વધી રહ્યું છે અને આ શહેરોનો 'એર ક્વોલિટી ઈન્ડેક્ષ' ભયજનક રીતે બગડી રહ્યો છે.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

સલ્ફર ડાયોક્સાઈટ એ એક રંગ વિહીન ગેસ છે અને તે શ્વાસમાં લેવાથી શ્વસન તંત્ર પર તેની ગંભીર અસરો જોવા મળી રહી છે. આ કોવીડ-૧૯થી પણ વધુ ગંભીર બાબત છે. શ્વસન તંત્રને હાનિ પહોંચતાં જ 'કાર્ડિયોવસ્ક્યુલર ડિસ-ઓર્ડર' ઊભા થાય છે અને તેને કારણે રાજ્યમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. તાજેતરમાં કરાયેલાં એક સેટેલાઇટ રિસર્ચમાં જેમાં પાંચ જેટલી સંસ્થાઓ અને નવ સંશોધકો જોડાયા છે અને બહાર આવી રહેલા અહેવાલો મુજબ રાજ્યમાં પંદર જેટલા શહેરોમાં સલ્ફર ડાયોક્સાઈટની માત્રા ચિંતાજનક સ્તરે પહોંચી છે. રાજ્યમાં આ સલ્ફર ડાયોક્સાઈટનું પ્રમાણ અમદાવાદમાં નોંધાયું છે. આ શહેરમાં ઉદ્યોગો અને ગીચતાને કારણે આવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. રાજ્યના જે ૧૫ શહેરોમાં સલ્ફર ડાયોક્સાઈટનું પ્રમાણ વધ્યું છે ત્યાં હવામાં ૧૦ માઇક્રોમોલ્સ પર મીટર સ્કવેયરથી ૧૦૦૦ માઇક્રોમોલ્સ પર મીટર નોંધાયું છે. તેની સરેરાશ ઘટ્ટતા ૩૦૦ માઇક્રોમોલ્સ પર મીટર સ્કવેયર જેટલી છે.

આ સંશોધનમાં ઈસરોના મેહુલ પંડ્યા, ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીના તેજસ તુરાખીયા, દિપાલીબેન શાહ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીના પ્રભવ સિંઘ જોડાયા હતા. વાહનવ્યવહાર, થર્મલ પાવર પ્લાન્ટ, ચોખા તેમજ શાકભાજી અને ફળોના પ્રોસેસિંગ પ્લાન્ટ અને બેકરીઓને કારણે સલ્ફર ડાયોક્સાઈટ હવામાં ઝડપભેર ભળી રહ્યો છે.

કચ્છના નારાયણ સરોવર, મુંદરા, કંડલાનો સમાવેશ આ ૧૫ શહેરોની યાદીમાં કરાયો છે. જેમાં નારાયણ સરોવર આસપાસ લિગ્નાઇટની ખાણો અને થર્મલ પાવર પ્લાન્ટને કારણે, મુંદરા અદાણી પોર્ટમાં થર્મલ પ્લાન્ટને કારણે જ આ ઉપરાંત ગાંધીધામ સંકુલમાં પણ બંદર અને પાવર પ્લાન્ટના કારણે આવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. અન્ય શહેરોમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ખંભાળિયા, વાપી, ઉકાઈ, કિમ, ભાવનગર, મોરબી, જાફરાબાદ અને બાબરકોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્થાનિક તબીબોના જણાવ્યા પ્રમાણે કચ્છના કંડલા ખાતે ઔદ્યોગિક એકમોમાં કામ કરનારા કામદારોને ફેફસાનું કેન્સર થવાનું જોખમ ઊભું થયું છે અને આ પરિસ્થિતિ લાંબા સમયથી પ્રવર્તી રહી છે. ■

# નલિયા ૧૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યુંઃ કચ્છમાં આગામી સપ્તાહમાં શીતલહેરની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં લઘુતમ તાપમાનના આંકમાં ચઢાવ-ઉતાર વચ્ચે બુધવારે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ તાપમાનનો આંક ૧૩ ડિગ્રી સે.પર પહોંચી જતાં રાજ્યના સૌથી વધુ ઠંડા મથક તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. નલિયા ઉપરાંત રાજનગર ભુજમાં લઘુતમ તાપમાનનો આંક ૧૮ ડિગ્રી પર પહોંચી જતાં વહેલી સવારે અને સૂર્યાસ્ત બાદ ઠંડીના કારણે રસ્તાઓ પર ચહલપહલ ઘટી જાય છે, અલબત્ત દિવસ ચઢતાની સાથે મહત્તમ તાપમાન ૩૦થી ૩૩ ડિગ્રીની આસપાસ પહોંચી જતાં બપોરના સમય પૂરતી ઠંડી ગાયબ થઇ જાય છે.

દરમ્યાન, અરબી સમુદ્રમાં સતત સર્જાઈ રહેલા હવાના હળવાં દબાણને કારણે ઊભા થયેલા વાતાવરણીય વિક્ષોભની અસર હેઠળ ગત વર્ષ કરતાં આ વખતે ઠંડી જોઈએ એટલી પડતી નથી જે એક આશ્ચર્યની બાબત છે.ગત વર્ષે નલિયામાં ૭ ડિગ્રી અને ભુજમાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન લઘુતમ પારો ત્રણથી પાંચ ડિગ્રી ગગડશે અને શીતલહેર ફરી વળશે તેવી આગાહી કરતાં નવા વર્ષે શિયાળો બરાબર જામવાની લોકોમાં આશા બંધાણી છે. ■

# જીએસટીને લગતા ખોટા દસ્તાવેજના ગુનામાં ભાવનગરનો વધુ એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સુરત શહેરના ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ જીએસટીને લગતા ખોટા દસ્તાવેજો બનાવવાના ગુનામાં નાસતા ફરતા ભાવનગરના શખ્સને એલસીબી પોલીસે ઝડપી લઇ ઘોઘારોડ પોલીસને હવાલે કર્યો હતો. એલસીબી પોલીસ સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે સુરત શહેરના ડીસીબી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ જીએસટીને લગતા ખોટા દસ્તાવેજો બનાવવાના ગુનામાં નાસતા ફરતા આરોપી જતીન રસિકભાઈ રાઠોડને ઘોઘા સર્કલ અમૂલ પાર્લર પાસેથી ઝડપી લઇ આગળની કાર્યવાહી માટે ઘોઘારોડ પોલીસને હવાલે કર્યો હતો. તેને સુરત ડીસીબી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી. ■



(તસવીરઃ વિપુલ હિરાણી– ભાવનગર)

# કચ્છમાં નકલી તબીબે મુખ્ય સૂત્રધારને આપેલી હતભાગી બાળકીનો પાંચ લાખમાં સોદો થયાનો ઘટસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાટણમાં બહાર આવેલા નવજાત બાળકોના ગેરકાયદે ખરીદ-વેચાણના કૌભાંડમાં કચ્છના આડેસર ગામના બોગસ તબીબે આપેલી નવજાત બાળકીનો પાંચ લાખમાં સોદો થયો હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

પાટણના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે, આ કૌભાંડનો સૂત્રધાર બોગસ તબીબ સુરેશ ઠાકોર અને તેની સ્ત્રી મિત્ર શિલ્પા ઠાકોર વચેટિયા ધીરેન સાથે આડેસર આવીને અહીંના બોગસ તબીબ નરસંગ ઊર્ફે નરેશ માધા રબારી પાસેથી દોઢ બે દિવસની બાળકી મેળવી હતી.

જો કે એ બાળકી બીમાર હોઈ પાટણની નિષ્કા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ બાળકીનું મૃત્યુ થતાં સુરેશ અને શિલ્પા સહિતના આરોપીઓએ બાળકીને સમી નજીક દાદર ગામે બનાસ નદીના પટમાં દાટી દીધી હતી. આરોપીઓની કબૂલાત બાદ પોલીસે સ્થળ પર તપાસ કરી પરંતુ બાળકીનો મૃતદેહ ના મળતાં આ મામલો પેચીદો બન્યો હતો.

દસેક દિવસ અગાઉ નીરવ મોદી નામના શખ્સે સુરેશ ઠાકોરે પોતાને ૧.૨૦ લાખમાં બાળક વેચીને બાદમાં બીમાર બાળક પરત લઈને પોતાને તમામ નાણાં પાછાં નહીં આપીને ઠગાઈ કર્યાની પાટણમાં પોલીસ ફરિયાદ નોંધાવતાં આ બાળ તસ્કરીના કાંડનો ઘટસ્ફોટ થયો હતો. ધોરણ ૧૦ સુધી ભણેલા સુરેશ ઠાકોરે સાંતલપુરના કોરડા ગામે પોતાના ઘરની ઉપર ૧૦ બેડની આઈસીયુની સુવિધાથી સજ્જ હૉસ્પિટલ ખોલીને છેલ્લાં ૧૦ વર્ષથી પ્રસાશનની આંખમાં ધૂળ નાખીને નિઃસંતાન દંપતીઓને બાળકો વેચવાનો 'વ્યવસાય' પણ શરૂ કરી દીધો હતો.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

પાટણ અને કચ્છના સીમાવર્તી ગ્રામ્ય વિસ્તારોમાં સુરેશ ઠાકોરે પોતાનું નેટવર્ક સ્થાપ્યું હતું. જેમાં ખાનગી ગાયનેકોલોજિકલ હૉસ્પિટલમાં કામ કરતાં ચોથા વર્ગના કર્મચારીઓ, કંપાઉન્ડરો, સરકારી પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના કરાર આધારિત કર્મચારીઓ તથા અંતરિયાળ ગામડાઓમાં તબીબ તરીકે પ્રેક્ટિસ કરતા બોગસ તબીબોને સાંકળ્યા હતા.

આ ટોળકી સારવાર લેવા આવતી સગર્ભા સ્ત્રીઓ પર નજર રાખતી. ખાસ કરીને, સગર્ભા કુંવારી યુવતીઓ પર સવિશેષ નજર રખાતી. આવી યુવતીઓને બાળકનો ગૂપચૂપ નિકાલ કરી આપવાની ખાતરી આપીને આ ટોળકી કુંવારી સગર્ભાઓને તેમની નકલી હૉસ્પિટલમાં લઈ જઈ પ્રીમેચ્યોર ડિલિવરી કરાવી લેતી.

આ ટોળકીએ અત્યાર સુધીમાં દસથી વધુ બાળકોના ખરીદ વેચાણનો સોદો પાર પાડ્યો હોવાની પાટણ પોલીસને આશંકા છે. આગામી દિવસોમાં આ કૌભાંડનો રેલો પૂર્વ કચ્છના અન્ય વિસ્તારો અને વ્યક્તિઓ સુધી રેલાવાની પ્રબળ શક્યતા છે. નકલી તબીબ સુરેશ ઠાકોર ભાજપ સાથે સંકળાયેલો હોવાનું બહાર આવ્યું છે. ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, લવિંગજી ઠાકોર, પૂર્વ સાંસદ ભરતજી ઠાકોર સાથેના તેના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યા છે. ■

# ભાવનગરમાં પૈસાની લેતી દેતી મુદ્દે થયેલા મનદુઃખની અદાવત રાખી બે શખ્સોએ કાર સળગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના દેવરાજનગરમાં ઘર પાસે પાર્ક કરેલ કારમાં આગ લાગવાની ઘટનામાં કારના માલિકે બે શખ્સે પથ્થરના બ્લોક વડે કારના કાચ ફોડી કારને સળગાવી દઈ રૂ.૬૦ હજારનું નુકસાન તેમ જ આગની ઘટનામાં દુકાનના શટર, કાચનું બારણું તેમજ વીજ મીટર સળગી જતા દુકાનદારને ૧૫ હજાર રૂપિયાનું નુકસાન કર્યાની ફરિયાદ નોંધાવતા ભરતનગર પોલીસે બે શખ્સોને ઝડપી લઈ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગરના ઘોઘા જકાતનાકા પાસે આવેલ દેવરાજનગરમાં રહેતા કિશોરભાઈ નાનજીભાઈ પરમારની માલિકીની ટાટા ઈન્ડિગો માઝા કારમાં રવિવારે મોડી રાત્રીના આગ લાગતા કાર ભસ્મીભૂત થઈ ગઈ હતી. આગની આ ઘટના અંગે કિશોરભાઈ નાનજીભાઈ પરમારે ભરતનગર પોલીસ માથકમાં ફરિયાદ નોંધાવી હતાં. ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના પુત્ર ઉજ્જવલ પરમારે નીતિન ઘનશ્યામભાઈ પરમાર સાથે પૈસાની લેતીદેતી હતી. જેના રૂપિયા ઉજ્જવલે ચૂકવી દીધા હોવા છતાં નીતિનભાઈ અવારનવાર રૂપિયાની માગણી કરતો હોવાથી ઉજ્જવલભાઈએ પૈસા આપવાની ના પાડી હતી. તે બાબતની અદાવત રાખી રવિવારે રાત્રે જયદીપ ઉર્ફે છોટુ કિશોરભાઈ પરમારે પથ્થરના બ્લોક વડે તેમની કારના કાચ ફોડી નાખી નીતિન પરમારે પેટ્રોલ છાંટીને કાર સળગાવી દીધી હતી. જેમાં ૬૦ હજાર રૂપિયાનું નુકસાન થયું હતું. આ ઉપરાંત આગની આ ઘટનામાં અશોકભાઈની દુકાનનું શટર, કાચના બારણાં, વીજ મીટર તેમજ ઇલેક્ટ્રિક વાયર સળગી જતા તેમને પણ આશરે ૧૫ હજારનું નુકસાન થયું હતું. આ બનાવ અંગે ભરતનગર પોલીસે નીતિન ઘનશ્યામભાઈ પરમાર અને જયદીપ ઉર્ફે છોટુ કિશોરભાઈ પરમારને ઝડપી લઈ તેમની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■



(તસવીરઃ વિપુલ હિરાણી– ભાવનગર)

# અમરેલીમાં ચાર વર્ષની ઉંમરે અપહરણ થયેલો બાળક ૨૪ વર્ષે પરિવારને પરત મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે જે બાળકનું અપહરણ થયું હતું. તે બાળકનું પરિવાર સાથે ૨૪ વર્ષ બાદ મિલન થયું છે. જ્યારે આ બાળકનું અપહરણ થયુ તે સમયે ગુજરાતનું સમગ્ર તંત્ર બાળકને શોધવામાં નિષ્ફળ ગયું હતું. બાળકના અપહરણને ૨૪ વર્ષ વીતી ગયાં હોવાથી મા-બાપે પણ પોતાનો પુત્ર પરત આવશે તેવી આશા છોડી દીધી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પ્રફૂલ નામનો એક યુવક હરિયાણામાં પોતાના પાલક માતા-પિતાના અવસાન અને વ્યવસાય બંધ થતા તે પોતાના સાચા માતા-પિતાને શોધવા ગુજરાત આવ્યો હતો. સુરતમાં બે વર્ષ રહીને માતા પિતાને શોધતો હતો. પરંતુ તેને તેના માતા પિતા મળ્યા નહોતા. તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લઈ પોતાના પરિવારને શોધી નાંખ્યો હતો. અમરેલીના મણિનગરમાં રહેતા જિતેન્દ્ર અઢિયાનો ચાર વર્ષનો દીકરો વર્ષ ૨૦૦૨માં નજીકમાં રહેતા તેના કાકાના ઘરે જવાની જીદ કરતો હતો. કાકાનું ઘર નજીક હોવાથી તેની માતાએ ત્યાં તેને એકલો મોકલ્યો હતો.

આ દરમિયાન તેનું અપહરણ થઈ ગયું હતું. આ ઘટના ૧૦ માર્ચ ૨૦૦૦ના રોજ બની હતી. આ ઘટના બાદ અમરેલી શહેરમાં આંદોલનો થયા હતાં અને તપાસ માટે ટીમની રચના કરવામાં આવી હતી. તે છતાંય બાળક મળ્યુ નહોતું. જેથી તેના માતાપિતાએ પણ બાળક મળશે તેવી આશા છોડી દીધી હતી. હવે આ બાળક ૨૪ વર્ષ બાદ યુવાન થઈને પરત ફરતાં લોકોમાં અનેક ચર્ચાઓ થઈ હતી. પોલીસે તેના ટેસ્ટ કરાવ્યા હતાં. જે મેચ થઈ જતાં પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. ■